# વડોદરા મહાનગરપાલિકા
## આરોગ્ય વિભાગ
## મિશન મંગલમ યોજના (અર્બન)
## પ્રોજેકટ મોનીટરીંગ સેલ
www.vmc.gov.in

## કરાર આધારીત ભરતી અંગેની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ હેઠળ કાર્યરત મિશન મંગલમ યોજના (અર્બન) માટે તદ્દન હંગામી ધોરણે, ઉચ્ચક માસિક માનદ વેતનથી, ૧૧ માસ માટે કરાર આધારીત નીચે જણાવેલ જગ્યાઓ માટે માત્ર ઓનલાઈનથી અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે અપેક્ષીત લાયકાત અને અનુભવ ધરાવનાર ઉમેદવારે www.vmc.gov.in વેબસાઈટ ઉપર તા.૦૮/૦૯/૨૦૧૬ (00.01 કલાક) થી તા.૧૭/૦૯/૨૦૧૬ (૨૩.૫૯ કલાક) સુધીમાં ઓનલાઇન અરજી કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | કેટેગરી |
|---|---|---|---|
| ૧ | મહિલા કન્સલ્ટન્ટ | ૦૧ | સામાન્ય |
| ૨ | સમાજ સંગઠક | ૨૦ | ૦૧ જગો અ.જ.જા., ૦૫ જગો સા.શૈ.પ.વ. અને બાકીની ૧૪ જગો સામાન્ય ઉમેદવારો |

(૧) ફક્ત ઓનલાઇન જ અરજી કરવાની હોવાથી કોઇપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી. (૨) ઉપર જણાવેલ જગ્યાઓ માટેની શૈક્ષણિક લાયકાત, ઉચ્ચક માસિક માનદ વેતન તેમજ અન્ય માહિતી/શરતો વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પરથી મેળવવાની રહેશે.

ડે. મ્યુનિસિપલ કમિશનર (હેલ્થ),
વડોદરા મહાનગરપાલિકા.

પી.આર.ઓ.નં.૫૩૭/૧૬-૧૭

વડોદરા મહાનગરપાલિકા
આરોગ્ય વિભાગ
મિશન મંગલમ યોજના (અર્બન)
www.vmc.gov.in

વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ હેઠળ કાર્યરત મિશન મંગલમ યોજના (અર્બન) માટે તદ્દન હંગામી ધોરણે, ઉચ્ચક માસિક માનદ વેતનથી, ૧૧ માસ માટે, કરાર આધારીત જગ્યાઓ ભરવા માટેની વિગતો.

**પત્રક – અ**

| અનં. | જગ્યાનું નામ | જરૂરી વિગતો |
|---|---|---|
| ૧ | મહિલા કન્સલ્ટન્ટ | જગ્યાની સંખ્યા :- ૦૧ (એક).<br>લાયકાત :- ઓછામાં ઓછા બીજા વર્ગથી ઉર્તીણ થયેલા એમ.એસ.ડબલ્યુ. / એમ.એ.સમાજશાસ્ત્ર / એમ.બી.એ. / એમ.આર.એસ. / સરકાર માન્ય યુનિવર્સીટીમાંથી સમાન પ્રકારના કોર્સમાં અનુસ્તાક અને કોમ્પ્યુટરની જાણકારી ધરાવતા ઉમેદવારો.<br>મહેનતાણું :- રૂ. ૧૪,૦૦૦/- પ્રતિમાસ (ફિક્સ ,૧૧ માસ માટે કરાર આધારિત)<br>ઉંમર :- ઉમેદવારે ૨૫ વર્ષની ઉંમર પૂરી કરેલી હોવી જોઈએ અને ૩૫ વર્ષથી ઉંમર વધવી જોઈએ નહીં. એસ.સી./ એસ.ટી./ અન્ય પછાતવર્ગના લાયક ઉમેદવાર માટે ઉપલી વય મર્યાદામાં ૦૫ વર્ષ સુધીની છુટછાટ આપી શકાશે.<br>અનુભવ :- સામાજીક સેવાની કામગીરીમાં ઓછામાં ઓછા ૦૨ (બે) વર્ષનો અનુભવ અને સ્ત્રી ઉન્નતીના કામોની જાણકારી હોવી જરૂરી છે.<br>નિમણુંકની મુદ્દત :- પસંદ થયેલ ઉમેદવારને ૧૧ માસ માટે, કરાર આધારીત તદ્દન હંગામી નિંમણુંક આપવામાં આવશે. ૧૧ માસની મુદત પૂર્ણ થયેથી નિમણુંકની મુદ્દત પૂરી થયેલી અને તેઓ ફરજમાંથી મુક્ત થયેલ અને તેઓની સેવા સમાપ્ત થશે. |
| ૨ | સમાજ સંગઠક | જગ્યાની સંખ્યા : ૨૦ (વીસ)<br>લાયકાત: ૧) માન્ય યુનિર્વસીટીના સ્નાતક (કોઈ પણ વિષય સાથે)<br>૨) સોશ્યોલોજી વિષયના સ્નાતક અથવા એમ.એસ.ડબલ્યુની લાયકાત ધરાવનાર ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે.<br>૩) સામાજીક ઉત્થાન માટે રૂચિ ઉમેદવાર લાયક ગણાશે તેમજ સામાજીક સેવાની કામગીરીમાં ક્ષેત્રિય અનુભવ અને સ્ત્રી ઉન્નતિના કામોની જાણકારી વધારાની લાયકાત ગણાશે.<br>૪) કોમ્પ્યુટરની બેઝીક જાણકારી હોવી જરૂરી, સાથોસાથ ગુજરાતી ભાષા વાંચવા, લખવા અને બોલવા ઉપર સારૂ પ્રભુત્વ હોવું જરૂરી છે.<br>મહેનતાણું : રૂ. ૪,૦૦૦/- પ્રતિમાસ (ફિક્સ,૧૧ માસ માટે કરાર આધારિત)<br>ઉંમર : ઈન્ટરવ્યુની તારીખે ઉમેદવારે ૨૧ વર્ષની ઉંમર પૂરી કરેલી હોવી જોઈએ અને ૩૦ વર્ષથી ઉંમર વધવી જોઈએ નહીં. એસ.સી./એસ.ટી./અન્ય પછાતવર્ગના લાયક ઉમેદવાર માટે ઉપલી વય મર્યાદામાં ૦૫ વર્ષ સુધીની છુટછાટ આપી શકાશે.<br>નિમણુંકની મુદ્દત : પસંદ થયેલ ઉમેદવારને ૧૧ માસ માટે, કરાર આધારીત તદ્દન હંગામી નિંમણુંક આપવામાં આવશે. ૧૧ માસની મુદત પૂર્ણ થયેથી નિમણુંકની મુદ્દત પૂરી થયેલી અને તેઓ ફરજમાંથી મુક્ત થયેલ અને તેઓની સેવા સમાપ્ત થશે. |

ડે. મ્યુનિસિપલ કમિશનર (હેલ્થ),
વડોદરા મહાનગરપાલિકા.

વડોદરા મહાનગરપાલિકા
આરોગ્ય વિભાગ
www.vmc.gov.in

વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ હેઠળ કાર્યરત મિશન મંગલમ યોજના (અર્બન) માટે તદ્દન હંગામી ધોરણે, ઉચ્ચક માસિક માનદ વેતનથી, ૧૧ માસ માટે, કરાર આધારીત જગ્યાઓ ભરવા માટેની વિગતો.

## જાહેરાતની સામાન્ય શરતો

૧. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.

૨. રસ ધરાવતા ઉમેદવારોએ તા.૦૮/૦૯/૨૦૧૬ (૦૦-૦૧ કલાક) થી તા.૧૭/૦૯/૨૦૧૬ (૨૩-૫૯ કલાક) દરમ્યાન www.vmc.gov.in વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજી કરતા પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ www.vmc.gov.in ઉપરથી વાંચી લેવાની રહેશે.

૩. શૈક્ષણિક માહીતી: દરેક પોસ્ટ માટેની શૈક્ષણિક માહીતી જો સામેલ **EDUCATION QUALIFICATION DETAILS** માં ના હોય તો **OTHER 1** અને **OTHER 2** માં ભરવી.

૪. વયમર્યાદા: પોસ્ટ -: ૧ માટે જાહેરાતની તારીખે ૩૫ વર્ષથી વધુ નહીં.
પોસ્ટ -: ૨ માટે જાહેરાતની તારીખે ૩૦ વર્ષથી વધુ નહીં.

૫. ઉચ્ચક માનદ વેતન :

| | | |
|---|---|---|
| (૧) મહિલા કન્સલ્ટન્ટ | : | રૂા. ૧૪,૦૦૦/- (પ્રતિ માસ) |
| (૨) સમાજ સંગઠક | : | રૂા. ૪,૦૦૦/- (પ્રતિ માસ) |

૬. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી ધ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબક્કે રદ ગણવામાં આવશે.

૭. તમામ ઉમેદવારને સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ **CCC** લેવલનો કોમ્પ્યુટર કોર્ષ / જરૂરી કોમ્પ્યુટરનું જ્ઞાન અવશ્ય હોવુ જોઈએ.

૮. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઈ ઉમેદવાર ધ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઈ રીતે ભલામણના પ્રયાસ કરાશે તો તેવા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

૯. ઉમેદવાર ધ્વારા તેઓના અરજી પત્રકમાં કોઈ પણ વિગત ખોટી દર્શાવેલ હોવાનું ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક / નિમણુંક કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.

૧૦. આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત પરીક્ષા / મૌખિક ઈન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગરપાલિકાના સક્ષમ અધિકારીશ્રી ધ્વારા નિર્ણય કરવામાં આવશે.

૧૧. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી / લેખિત / મૌખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઈપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાપાત્ર થશે નહીં.

૧૨. આ જાહેરાત કોઈ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક્ક / અધિકાર મ્યુનિસિપલ કમિશનરશ્રી, વડોદરા ને રહેશે.

૧૩. ઉમેદવારને ઓનલાઈન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઈ સુચના માટે www.vmc.gov.in વેબસાઈટ સતત જોતા રહેવા અનુરોધ છે.

૧૪. આ જાહેરાત અન્વયે અરજી કરેલ ઉમેદવારોની એક વર્ષ સુધીની પ્રતિક્ષાયાદી તૈયાર કરવામા આવશે.

ડે. મ્યુનિસિપલ કમિશનર (હેલ્થ),
વડોદરા મહાનગરપાલિકા.